**સુરતના બીજી મજૂર અદાલતના ન્યાયાધીશ**
**શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં.૮૧૭/૨૦૨૫**
**આંક–૨૦**

**ફરિયાદી–** **કારખાના નિરીક્ષક શ્રી એસ.એ.ચૌહાણ,સુરત.**

**વિરુધ્ધ**

**આરોપી–** **શ્રી દિલીપ ઓમ્મેનચા–કબ્જેદારશ્રી,ઉ.આ.વ.૬૬**
કારખાનાનું નામ–આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ ઇન્ડિયા લી.
(HRC ડિવિઝન)
સરનામુ–૨૭ કિમી,હજીરા રોડ,સુરત–૩૯૪૨૭૦
રહે.ફ્લેટ નં.૮૦૪,ટાવર–૬,ક્રિસેન્ટ બેચ,જર્બચ વાડિયા રોડ
મહાત્મા ફુલે એજ્યુકેશન સોસાયટી પાસે,પરેલ,મુંબઇ,
મહારાષ્ટ્ર

**ગુનોઃ કારખાના ધારા–૧૯૪૮ ની કલમ ૭–એ(૨)(એ)ના ભંગ બદલ**

**– ચુકાદો –**

(૧) ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરિયાદીશ્રી,સુરતનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરિયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહું ગુના માટે સમન્સ કાઢતા જે સંદર્ભે આરોપી વતી તેઓને ઓથોરીટી આપનાર વ્યકિત અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ.જેથી તેઓને ફરીયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ.ત્યારબાદ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબુલ છે કે કેમ? તેવુ પુછવામાં આવેલ જેથી તેઓએ આરોપી વતી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને સદર કામે આંક–૧૮ થી પ્લી તથા આંક–૧૯ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે.તેઓએ આરોપી વતી ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતા તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે.આમ છતાં તેઓએ આરોપી વતી ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓને પ્લી નોધવામાં આવેલ છે.વધુમાં આ કામે આરોપી

પક્ષેથી ગુજરનાર કામદારોના વારસદારોને વળતર પેટે જે રકમ ચુકવેલ છે તેના દસ્તાવેજી પુરાવા આંક–૧૪ થી રજુ કરેલ છે તેમજ ગુજરનાર કામદારોના વારસદારોને ડીસ્ટ્રીબ્યુશન અરજીઓ અનવ્યે જે વળતરની રકમ ચુકવવામાં આવેલ છે તે ડીસ્ટ્રીબ્યુશન અરજીઓના હુકમો આ કામે આંક–૧૫ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી રજુ કરેલ છે તેમજ મજકુર કામના આરોપીનું મેડિકલ સર્ટીફીકેટ આ કામે નિ.૧૭/૨ થી રજુ કરેલ છે જે વંચાણે લેતા સ્પાઈનના પ્રોબ્લેમના કારણોસર તેમની સારવાર મુંબઈ મુકામે ચાલુ હોય તેવુ જણાય આવે છે જેથી આ કામે આરોપી તર્ફેથી આંક–૧૭ થી ઓથોરીટી લેટર રજુ કરેલ છે.આમ,આરોપીપક્ષે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ગુજરનાર કામદારોના વારસદારોને વળતરની ચુકવાય ગયેલ હોય તેવુ દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા ફલિત થાય છે.

(૨) તેઓની હાલની ફરીયાદ અનવ્યેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબુલ કરતા હોવાનું જણાવીને કબુલાત પુરસીસ રજુ કરેલ છે.વધુમાં જણાવેલ છે કે,તેઓને સદરહું ગુનો કરવાનો કોઇ ઈરાદો ન હતો પરંતુ અજાણતા અને કાયદાની અજ્ઞાનતાને કારણે ગુન્હો થયેલ છે જે બદલ તેઓ માફી માંગે છે અને ભવિષ્યમાં આવા પ્રકારનો કોઇ ગુન્હો આરોપી વતી કરવામાં આવશે નહી તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધારવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે આરોપીના મેડિકલ પેપર્સ આરોપીના વિ.વ.શ્રી.એ રજુ કરેલ છે અને સદર કામે આરોપી વતી ઓથોરીટી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે તે સંજોગોમાં આરોપીની ઓથોરીટીના આધારે જે વ્યકિત અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહીને ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ હોય તેઓ ગુન્હો કબુલ કરી શકે છે.વધુમાં આરોપી સામે ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઇઓ જોવામાં આવે તો આરોપીએ કારખાના ધારા–૧૯૪૮ ની કલમ –૭એ(૨)(એ)નો ભંગ કરીને સદરહું કાયદાની કલમ–૯૨ મુજબનો ગુન્હો કરેલ છે તે સંજોગોમાં આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત સ્વૈચ્છાએ ગુન્હો કબુલ કરતા હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે,પરંતુ

આરોપીએ જે જોગવાઈઓનો ભંગ કરેલ તે ધ્યાને લેતાં તથા ગુન્હો કબુલ કરનારની ઉંમર,કેસની હકીકત,સજાની જોગવાઇ,ગુન્હાનો પ્રકાર તેમજ વળતર સંબંધે ગુજરનાર કામદારના વારસદારોને ચુકવેલ રકમ વગેરે ધ્યાને લેતાં તેમજ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેતાં તેઓને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબ હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**– આખરી હુકમ –**

(૧) આ કામના આરોપીને **કારખાનાના ધારા–૧૯૪૮ ની કલમ–૭–એ(૨)(એ)** ના ઉલ્લંઘન બદલ સદરહું અધિનિયમની **કલમ–૯૨** મુજબ શિક્ષાપાત્ર ગુના અંગે ઉપરોકત કલમના ઉલ્લંઘન માટે તકસીરવાર ઠરાવી **રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)**ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરાઈઝ પર્સન **શ્રી નિલેશકુમાર હસમુખલાલ શાહના**ઓને ઉપરોકત દંડની રકમ ભરવાની સજા કરવામાં આવે છે.

(૨) આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી નિલેશકુમાર હસમુખલાલ શાહ** દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ ૧ માસની સાદી કેદની સજા ભોગવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૪/૦૩/૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગ દરમિયાન વાંચી,સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા. – ૧૪/૩/૨૦૨૬
સ્થળ–સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
ન્યાયાધીશ (સિનીયર ડિવિઝન)
મજૂર અદાલત નં.૨,સુરત
**Code No.GJ01279**